પાલનપુરમાં નાણાંકીય લેવડ-દેવડ મામલે યુવકનુ ફિલ્મી ઢબે અપહરણ બાદ છુટકારો

પાલનપુર, તા. ૩

પાલનપુર ખાતે જૂના ટેલીફોન એક્ષચેન્જથી મહિલા મંડળ વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે અનીલ મોદી નામના યુવકનું વાહનમાં અપહરણ કરી જતાં ચકચાર મચી જવા પામી હતી. જ્યાં લોકોનું ટોળું એકત્ર થઇ ગયું હતું. ભારે ઉત્તેજનાભર્યા માહોલ વચ્ચે માંડી રાત્રે અપહરણ થયેલા અનીલ મોદી ઘરે પરત ફરતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.

પાલનપુર શહેરમાં શનિવારે મોડી રાત્રે અંદાજે ૯.૪૫ કલાકે બનેલી ઘટનાની પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરની બ્રિજેશ્વર કોલોનીમાં રહેતા અને ખાનગી દસ્તાવેજની એજન્સીમાં નોકરી કરતાં અનીલકુમાર કાન્તિલાલ મોદી (ઉં.વ.આ.૪૫) શનિવારે તેમની ઓફિસેથી નિકળ્યા ત્યારે તેમની પુત્રીએ મંગાવેલી પાઉંભાજી લેવા માટે દિલ્હીગેટ વિસ્તારમાં ગયા હતા. જ્યાંથી પાઉંભાજી લઇ સ્કુટી ઉપર તેમના ઘરે જવા નિકળ્યા હતા. તેઓ જુના ટેલિફોન એક્ષચેન્જથી મહિલા મંડળ તરફ પસાર થઇ રહ્યા હતા ત્યારે વાહન લઇને આવેલા અજાણ્યા શખ્સોએ અનીલકુમારને ઉભા રાખ્યા હતા. તેમજ સ્કુટી નીચે પાડી દઇ અનીલકુમારને બળજબરીપૂર્વક વાહનમાં બેસાડી અપહરણ કરી ગયા હતા. જે વખતે તેમણે બચાવો-બચાવોની બુમો પાડતાં

આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ટોળું એકત્ર થઇ ગયું હતુ. દરમિયાન પોલીસને જાણ થતાં પૂર્વ પોલીસ મથકના પી.આઇ. જી. એલ. ચૌધરી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને સ્થિતિ જાણી અપહત યુવકની પત્નિને પોલીસ મથકે બોલાવી હતી. તેમને આપેલી પ્રાથમિક માહિતીના આધારે પોલીસે અપહત યુવક તેમજ આરોપીઓને શોધવાના ચક્રો ગતિમાન કર્યા હતા. મોડી રાત્રે બનેલી ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે ઉત્તેજના પ્રસરી ગઇ હતી. શનિવારે રાત્રે સ્કુટી ઉપર જઇ રહેલા યુવકનું અજાણ્યા શખ્સો અપહરણ કરતાં ઘટનાસ્થળે ટોળેટોળાં એકત્ર થઇ ગયા હતા. પરિવારજનોને જાણ થતાં તેઓ પોલીસ સ્ટેશને દોડી ગયા હતા અને રોક્કકળ મચાવી હતી.

જો કે ગત મોડી રાત્રે અનીલ મોદી ઘરે પરત ફરતા પોલીસ અને પરિવાર એ હાશકારો અનુભવ્યો હતો અનીલનું અપહરણ અંગત નાણાંની લેતી-દેતીના કારણે અપહરણ થયું હોવાની બહાર આવ્યું છે અને અનીલ મોદીએ જણાવ્યું હતું કે પાલનપુર શહેરના મોદીનગર વિસ્તાર માં રહેતા દરબાર નામના ઇસમેં એ અપહરણ કરાવ્યું હતું અને અજાણ્યા અપહરણકારો મને ઢોર માર પણ માર્યો હતો.

વડાલીના ખેડૂત પાસેથી ડી.આઈ.એલ.આર.નો સર્વેયર ૭ હજારની લાંચ લેતા ઝડપાયો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના વડાલીના એક ખેડૂત દ્વારા બાગાયત વિભાગની યોજના અંતર્ગત પોતાની જમીન પર બનાવેલ પેક હાઉસ બનાવ્યું હતું. જેની માપણી શીટ બનાવી આપવાના મામલે સાબરકાંઠા જિલ્લાની લેન્ડ અને રેકર્ડ કચેરીના લાયસન્સ સર્વેયરે રૂ. ૭ હજારની લાંચ માંગતા શુક્રવારે બપોરે સર્વેયર એન્ટી કરપ્શન બ્યુરો અધિકારીના હાથે રૂ. ૭ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે લાંચનું છટકું ઈડર નજીકની એક હોટલ પર ગોઠવાયું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લાના વડાલી ખાતે રહેતા ખેડૂત વાસુભાઈ જયચંદભાઈ પટેલે સરકારની બાગાયત વિભાગની યોજના અંતર્ગત પોતાની જમીન પર પેક હાઉસ બનાવ્યું હતું. જે જમીનની માપણી માટે ખેડૂતે થોડાક સમય અગાઉ હિંમતનગર સ્થિત જિલ્લા લેન્ડ એન્ડ રેકર્ડ કચેરીમાં અરજી આપી હતી. અરજી સંદર્ભે માપણી કરી શીટ બનાવી આપવાના કામ પેટે લેન્ડ રેકર્ડ કચેરીના લાયસન્સ સર્વેયર અશ્વિનકુમાર આર. મૌર્યએ ખેડૂત પાસે રૂ. ૭ હજારની લાંચની માંગણી કરતા ખેડૂતે આ અંગે હિંમતનગર સ્થિત એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી.

શુક્રવારે બપોરે હિંમતનગર એન્ટીકરપ્શન બ્યુરોના પીઆઈ એસ.પી. કહારે ઈડર નજીકની વોલ્વો હોટલ પર પંચની હાજરીમાં છટકુ ગોઠવ્યુ હતુ. તે દરમિયાન જિલ્લા લેન્ડ એન્ડ રેકર્ડ કચેરીના લાયસન્સ સર્વેયર અશ્વિનકુમાર આર. મૌર્યએ ખેડૂત વાસુભાઈ પટેલ પાસે રૂ. ૭ હજારની લાંચની માંગણી કરતા તેમણે પંચની હાજરીમાં તે રકમ આપી હતી. જે રકમ સ્વીકારતા સર્વેયર રંગેહાથ એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીના હાથે ઝડપાઈ ગયો હતો. એસીબીના અધિકારીએ સર્વેયરની અટકાયત કરી હિંમતનગર ખાતે લઈ આવી હતી અને લેન્ડ એન્ડ રેકર્ડના સર્વેયર વિરૂદ્ધ લાંચ-રૂશ્વતધારાની કલમ હેઠળ ગુનો દર્જ કર્યો છે. જિલ્લા લેન્ડ એન્ડ રેકર્ડ કચેરીના સર્વેયર લાંચના છટકામાં ઝડપાતા કચેરીના અન્ય કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો.

મોકેશ્વર ડેમમાં માતા-પુત્રની મોતની છલાંગ

પાલનપુર-અંબાજી હાઈવે પર સ્થિત મોકેશ્વર ડેમમાં આજે એક માતાએ પોતાના ૧૬ વર્ષના લાડકવાયા પુત્ર સાથે ઝંપલાવી જીવન ટુંકાવ્યું હતુર્થ પાલનપુર નજીકના વડગામની મહિલા ચંપાબેન વસંતભાઈ શ્રીમાળી ઉં.વ. ૩૫ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ૧૬ વર્ષીય પુત્ર ઉંમગને લઈ મોકેશ્વર ડેમમાં મોતની છલાંગ લગાવી હતી. આથી પાણીમાં ડુબી જતા બન્ને માતા-પુત્રના મોત નિપજ્યા હતા. આ માતા-પુત્રના મોતની ઘટનાના પગલે પોલીસે ઘટના સ્થળે દોડી આવી બન્નેના મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે મોકલી આપ્યા હતા અને પરિવારજનોની પુછપરછ હાથ ધરી હતી. આ ઘટનાના પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

દામાવાસ કંપામાંથી ડ્રીપ પાઈપો ચોરાઈ

હિંમતનગર, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપામાંથી શુક્રવારે ચેતનભાઈ શાંતિભાઈ પટેલના ખેતરમાંથી અજાણ્યા શખ્સો રૂ. ૨૦હજારની ડ્રીપ પાઈપો ચોરી ગયા હતા. ઉપરાંત તેમના ખેતરના શેઢા પાસે આવેલ અન્ય એક ખેડૂતની પણ રૂ. ૧૨,૫૦૦ની પાઈપોની ચોરી કરી લઈ જતાં ચેતનભાઈ પટેલે શનિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના ભોલેશ્વરની મહિલા સાથે દુષ્કર્મ કરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતી એક મહિલાનું ગત તા. ૨૮ માર્ચના રોજ રાજસ્થાનના હાડેજા ગામના બે શખ્સો અપહરણ કરી લઈ ગયા બાદ મહિલાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરાતા મહિલાએ શનિવારે બંને જણા વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતી એક મહિલાને અશોકજી સેનાજી ભાટ તથા તગાજી હરજીજી ભાટ સાચોર જવાનું કહી કારમાં બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા. ત્યારબાદ આ મહિલાને રાજસ્થાનના ભોમરા ગામે લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કર્યું હતું. જેથી આ મહિલાએ શનિવારે બંને જણા વિરૂદ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્માના સરદાર ચોકમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૩

ખેડબ્રહ્માના સરદાર ચોકમાંથી ગત તા. ૨૯ માર્ચના રોજ કિર્તીકુમાર જીતેન્દ્રભાઈ દિક્ષિતનું બાઈક નં. જીજે.૯.સીએફ.૯૭૩૩ની અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા કિર્તીકુમાર દિક્ષિતે શનિવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં લોક ડાયરો યોજાશે

ભિલોડા, તા. ૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં જય શ્રી ભાથીજી મહારાજ અને શ્રી મહાકાલી માતાજી મંદીરના લાભાર્થે તા.૫/૪/૨૦૧૬ ને મંગળવારના રોજ રાત્રે લોક ડાયરો યોજાશે. આ પ્રસંગે ગુજરાતના લોકલાડીલા કલાકારો વિક્રમ ઠાકોર, શિલ્પા ઠાકોર, નેહા સુથાર ધ્વારા લોક ડાયરો યોજાશે. નારણપુર ગામમાં લોક ડાયરાના પ્રસંગ નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે રાજેન્દ્રભાઈ પારઘી પ્રમુખ અરવલ્લી જીલ્લા પંચાયત, શુભેન્દ્રસિંહ સિસોદીયા, વિષ્ણું કુંવરબા ચૌહાણ, ડાં.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, વનરાજસિંહ રાઠોડ મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી, રણવીરસિંહ ડાભી પ્રમુખ અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન, રાજેન્દ્રસિંહ ભાટી વા.ચેરમેન સાબરકાંઠા બેંક, હિતેન્દ્રસિંહ સિસોદીયા, કિર્તીભાઈ બારોટ, નિલાબેન મડીયા સહિત ભિલોડા તાલુકાના રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ જય શ્રી ભાથીજી મહાકાલી સેવા ટ્રસ્ટ પ્રમુખ લાલાજીભાઈ પાંડોર, મંત્રી જીતેન્દ્રભાઈ મકવાણા, કારોબારી સભ્યો અને નારણપુર ગામના ગ્રામજનોએ જણાવ્યું હતું. નારણપુરના ગામના ગ્રામજનો લોક ડાયરાના કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા મીનરલ વોટરની પરબનો શુભારંભ

ભિલોડા, તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ ઓમ કોમ્પલેક્ષ આગળ ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા હર્ષદભાઈ સોની,શ્રીજી જ્વેલર્સ, ભિલોડાના સૌજન્યથી મીનરલ વોટરની પરબનો શુભારંભ કરતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.આ પ્રસંગે ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતેન્દ્રસિંહ ભાટીયા, જગદીશભાઈ પટેલ, રામઅવતાર શર્મા, હસમુખભાઈ બરંડા, બિપીનભાઈ પ્રજાપતી સહિત સેવાભાવી કાર્યકરો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ ટીડીઓએ કણી ગામની મુલાકાત લીધી

તાલીમી ફરજના ભાગરૂપે તાજેતરમાં આસીસ્ટન્ટ કલેક્ટર રચિતરાજે પાટણ તાલુકા વિકાસ અધિકારી તરીકેનો કાર્યભાર સંભાળતા કણી ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન શાળામાં ચાલતી આધારકાર્ડની કામગીરીની ચકાસણી કરી તમામ બાળકોના આધારકાર્ડની કામગીરી પૂર્ણ કરવા સૂચન કર્યુ હતું અને શાળામાં તમામ શિક્ષકગણ ગણવેશમાં આવતા તેમની પ્રસંશા પણ કરી હતી. ઉપરાંત ગ્રામ પંચાયત દ્વારા મુકવામાં આવેલ આરો પ્લાન્ટ સહિતની અને સુવિધાની પણ નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી. મુલાકાત દરમિયાન તાલુકા કક્ષાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

શિહોરી ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

શિહોરી, તા.૩

બનાસકાંઠાના શિહોરી સ્થિત આનંદવાડી ખાતે સ્થાનિકોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજય સરકારના મંત્રીઓ અને સાંસદ સભ્યોની આગેવાનીમાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્થાનિકોએ વિવિધ પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી.

આ લોક સંવદ કાર્યક્રમમાં ખીમાણા પપીંગ સ્ટેશનથી વડા-આકોલી સુધીના તમામ તળાવો ભરવા, નેશનલ હાઈ-વે ઓથોરીટીના ભલગામ ટોલ નાકાનો પ્રશ્ન સહિતના અનેક પ્રશ્નો મામલે આગેવાન કીર્તિસિંહ વાઘેલાએ રજૂઆત કરી હતી. ઉપરાંત ભારતસિંહ ભટેસરીયાએ સિંચાઈના પડતર પ્રશ્નો મામલે રજૂઆત કરી હતી. જેને મંત્રીએ ધ્યાને લઈ સત્વરે પ્રશ્નોના નિરાકરણ માટે સૂચનાઓ આપી હતી. આ કાર્યક્રમમાં મંત્રી રમણલાલ વોરા, દિલીપજી ઠાકોર, સાંસદ લીલાધરભાઈ વાઘેલા, ધારાસભ્ય કેશાજી ચૌહાણ, બનાસકાંઠા ભાજપના આગેવાન કીર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરીયા, શાન્તુભા વાઘેલા, મફાજી સોલંકી, ઈશ્વરભાઈ પટેલ, ભરતભાઈ દવે વગેરે હાજર રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા શિક્ષણ નિધિ મહાકુંભનો શુભારંભ યોજાયો. વાંકાનેર ગામના રામાભાઈ ઠાકોરના વરદ્ હસ્તે શિક્ષણ નિધિનો મહાકુંભ મુકાયો હતો.ક્ષત્રિય ઠાકોર સેનાના નવયુવાનો રણજીત ઠાકોર,શૈલેષ ઠાકોર,નરેશ ઠાકોર સહિત ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા ગ્રામજનોને બાળકોને શિક્ષણ આપવા તેમજ વ્યસનોથી દુર રહેવા અપીલ કરાઈ હતી.ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ જણાવ્યું હતું કે શિક્ષણ નિધિ મહાકુંભમાં વધુમાં વધુ ફાળો આપવા ગ્રામજનોને અનુરોધ કરાયો હતો.

ખેડબ્રહ્માના ૧૦૦ સુવર્ણકારોએ પરિવાર સહીત કોંગ્રેસમાં જોડાવાની ચીમકી ઉચ્ચારી

ખેડબ્રહ્મા, તા. ૩

કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં સોના પર ૧ ટકા એક્સાઈઝ ડ્યુટી લાદવામાં આવતા જેના વિરોધમાં દેશભરના જ્વેલર્સ દ્વારા હડતાલનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. હવે કેન્દ્ર સરકાર આ મુદ્દે ટસની મસ થતી ન હોઈ ખેડબ્રહ્માના ઝવેરીઓના ધંધા ઠપ્પ થઈ જવા પામ્યા છે. ત્યારે છેલ્લા ઘણા દિવસોથી ચાલતી દેશભરની હડતાલના ભાગરૂપે ૧૦ દિવસ માટે ધંધા-રોજગાર બંધ રાખી જડબેસલાક હડતાલ પાડી છે. શનિવારે ૧૦૦ જેટલા ઝવેરીઓએ પરિવાર સહીત કોંગ્રેસમાં જોડાવાની ચીમકી ઉચ્ચારી છે.

એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં ખેડબ્રહ્મા સુવર્ણકાર એસોસીએશન દ્વારા હડતાલનો આશરો લેવામાં આવ્યો છે. આ હડતાલથી ખાસ કરીને સોના-ચાંદીના ઘરેણાનો નાના પાયે વેપાર કરતા વેપારીઓને અસર થઈ છે જેથી ખેડબ્રહ્મા સુવર્ણકાર એસોસીએશન દ્વારા ડતાલના ટેકામાં ૧ એપ્રિલ થઈ ૧૦ એપ્રીલ સુધી દુકાનો જડબેસલાક બંધ રાખવાનો નિર્ણય લઈ દુકાનો ઉપર હડતાલના બોર્ડ લગાવી લીધો છે. દરમિયાન શનિવારે ખેડબ્રહ્મના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુપાવતની ઉપસ્થિતિમાં એસોસીએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ બી. સોની, ઉપપ્રમુખ દિનેશભાઈ કે. સોની તથા સહમંત્રી હસમુખભાઈ એચ. સોની સહીત ૧૦૦ ઝવેરીઓએ પરિવાર સહીત કોંગ્રેસમાં જોડાવાની ચિમકી ઉચ્ચારી હતી. એક્સાઈઝ ડ્યુટીનો કોઈ નિકાલ આવતો ન હોઈ મંગળવારે એસોસીએશન દ્વારા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે નરેશભાઈ પી. પટેલ, સાગરભાઈ પટેલ, ગોપાલભાઈ રાવલ, પ્રવિણસિંહ સોલંકી તથા જીજ્ઞેશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં અવેરનેસનો કાર્યક્રમ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા N.C.D. Cell, ભિલોડા કોટેજ હોસ્પિટલ અધિક્ષક ડાં.દિનેશ ડી.ડામોર ધ્વારા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. ભારતના અને ગુજરાતના ભાવી વિદ્યાર્થીઓને બ્લડ પ્રેશર,ડાયાબિટીસ,કેન્સર જેવા વિવિધ રોગોથી બચવાના ઉપાયો અને વ્યક્તિના જીવનની રોજબરોજની દિનચર્યાનું વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસવામાં આવ્યું હતું.ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

દુ:ખદ અવસાન

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહજી નરપતસિંહજી સિસોદીયાના પિતાશ્રી નરપતસિંહજી રણજીતસિંહજી સિસોદીયા તા. ૨૮/૩/૨૦૧૬ ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતની અંતિમ યાત્રામાં રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સદ્ગતનું બેસણું તા. ૪/૪/૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાકે રાજવી ફાર્મ, ભુતાવડ ખાતે રાખેલ છે.

પોશીના અને ખેડબ્રહ્મા ખાતે લોક દરબાર કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના નવરચિત પોશીના તાલુકા અને ખેડબ્રહ્મા તાલુકાના સેવા સદન ખાતે મંત્રી રમણલાલ વોરાની અધ્યક્ષતા તથા રાજય મંત્રી દિલીપ ઠાકોરની ઉપસ્થિતિમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાના ૯૦ ટકાથી વધુ પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક અભિગમ સાથે સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી રમણલાલ વોરાએપ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યુંહતુંકે, જિલ્લામાં બહુધા આદિજાતિ વસતિ ધરાવતા અંતરીયાળ એવા પોશીના તાલુકાની જનતાને છેક ગાંધીનગર અને જિલ્લાના મુખ્ય મથક સુધી જવુ ન પડે તે માટે રાજય સરકાર દ્વારા તાલુકા મથકે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજીને તેમના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. જેમાં પ્રજા સાથેના સીધો સંવાદ એજ લોકસંવાદ કાર્યક્રમનો હેતુ છે. તેમણે વધુમાં જણાવ્યુંહતુંકે, લોક સંવાદ સેતુ થકી ગરીબ પ્રજાના નાંણા અને સમયનો વ્યય ઓછો થશે. વધુમાં તેમણેપક્ષા-પક્ષથી પર રહી માત્રનેમાત્ર વિકાસનો જ રાજય સરકારનો અભિગમ છે તેમ સ્પષ્ટ જણાવ્યુંહતું.

પોશીના ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુમાં ખેડબ્રહ્માના ધારાસભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે રાજય સરકારના સ્તુત્ય પ્રયાસને આવકારી આવા કાર્યક્રમ સંમયાતરે યોજાતા રહે તો પ્રજાના પ્રશ્નોનું સરળ રીતે નિરાકરણ થાય.

આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારાએ આદિજાતિ તાલુકાના આંતર માળખાકીય સુવિધાના પ્રશ્નો ઉપરાંત બેન્કીંગ અને મોબાઈલ કનેકટીવીટીની દિશામાં કામગીરી હાથ ધરાય તેવી અધિકારીઓને અપીલ કરી હતી.

પોશીના અને ખેડબ્રહ્મા તાલુકાના લોક સંવાદ સેતુ કાર્યક્રમાં માર્ગ અને મકાનના, પાણી પુરવઠા, આંગણવાડી, સિંચાઇ, વન વિભાગ, ખેતી, જમીન માપણી, પંચાયત અને મહેસૂલી વિભાગના પોશીનાના ૭૮ પ્રશ્નો જયારે ખેડબ્રહ્મા તાલુકાના ૯૭ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૯૦ ટકાથી વધુ પ્રશ્નોનું સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો

લોક સંવાદ સેતુ કાર્યક્રમ પૂર્વે તાલુકા સેવા સદને મંત્રીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું ઉપરાંત આદિજાતિ બાળકો કુપોષણ દૂર કરવા દૂધ સંજીવની યોજના મંત્રીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.